ઈન્ફોસીટી ક્લબમાં સ્વતંત્રતા દિને 'ચિત્ર સ્પર્ધા' યોજાઈ



## @ગાંધીનગર

● સેકટર-૨ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે નંગના હિંડોળા ૪.૦૦ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આશિષભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૧૨, હરિધામ એંકલેવ, પેટ્રોલપંપ પાસે, રાયસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સેકટર-૩ રામેશ્વર મહાદેવના મંદિર ખાતે ડ્રાયફ્રુટના હિંડોળા ૪.૦૦ કલાકે યોજાશે.

● શિવ મહિમ્ન પાઠ હર્ષદભાઈ જોષીના નિવાસસ્થાન ૧૫૫/૭, બી-૧ ટાઈપ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાકે યોજાશે.

● શ્રાવણ માસ નિમિત્તે શિવમહિમ્ન પાઠ અને સ્તુતીવંદના નરેન્દ્રભાઈ મહેતાના નિવાસસ્થાન બ્લોક નં. ૧૦૦/૧, છ ટાઈપ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.

● લઘુ રૂદ્રાભિષેક જયંતીભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને પ્લોટ નં. ૯૫૬, શિવ શકિત એપાર્ટમેન્ટ, સે-૨૭ ખાતે સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

● હેત ફાઉન્ડેશન દ્વારા તા. ૧૮ ઓગષ્ટના રોજ ૧૧ થી ૫ કલાકે સે-૫-ડી ખાતે પ્રદર્શન યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

# શહેરમાં વરસાદી છાંટા

## શનિવારની સાંજે શહેરના એક ભાગમાં ધોધમાર અને બીજો ભાગ કોરોધાકોર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી આકાશમાં અચાનક ઘટાટોપ વાદળો છવાઈ જાય છે. પરંતુ વરસાદ મન મુકીને વરસતો નથી. શનિવારની જેમ જ આજે પણ શહેરના કેટલાક વિસ્તારોમાં છાંટા પડયા હતા જયારે અડધું શહેર કોરું રહ્યું હતું.

વરસાદની છેલ્લા ઘણા દિવસોથી રાહ જોવાઈ રહી છે. જુલાઈ માસના છેલ્લા દિવસોમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ પુનઃ ગરમીનું સામ્રાજય ફેલાયું છે. છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં વાદળો ચોકકસ ઘેરાઈ આવે છે પરંતુ વરસાદ વરસતો નથી. ૧૫મીએ સાંજે તો આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા અને વિજળીના કડાકા તથા વાદળોના ગડગડાટ વચ્ચે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસવો શરૂ થયો હતો. વાદળોનો જમાવડો જોતા અને વાદળોનો ગડગડાટ સાંભળતા એવું લાગતું હતું કે હવે બે ત્રણ દિવસ સુધી સતત સારો વરસાદ પડશે પરંતુ શહેરના કેટલાક વિસ્તારોમાં એકાદ ઝાપટું પડયા બાદ અને કયાંક માત્ર છાંટા પડયા બાદ વરસાદ બંધ થઈ ગયો હતો. આજે પણ બપોર બાદ શહેરમાં કેટલાક સ્થળોએ છાંટા પડયા હતા અને માર્ગો ભીના થયા હતા. ખાસ કરીને જુના સેકટરોમાં સારો વરસાદ પડયો હતો જયારે નવા સેકટરોમાં નહીવત વરસાદ પડયો હતો.



**(તસવીર : દિપક જાની)**

## વાતવાતમાં

● સવારે રોડ નં. ૨ પર સે-૩/૬ના ક્રોસીંગ પાસે એક સ્કૂલવાન અને બાઈક ચાલકની ટકકર થઈ હતી. સદભાગ્યે સ્કૂલવાનમાં સવાર બાળકોને કોઈ ઈજા નહોતી થઈ પરંતુ બાઈકચાલક ને નજીવી ઈજા થવા પામી હતી.

● બીબીએ કોલેજની હોસ્ટેલના વિદ્યાર્થીઓએ પણ સ્વતંત્રતા દિવસની વિશેષ ઉજવણી કરી હતી તેમજ ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર નરેશ કનોડિયાની પણ મુલાકાત લીધી હતી.

● ગાંધીનગરના સે-૪માં મહાકાલેશ્વર મંદિરે શ્રાવણના સોમવારે સાંજે ૭.૧૫ કલાકે ભસ્મ આરતી કરાઈ હતી જેમાં ભાવિકોની ભીડ ઉમટી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઉજ્જૈનના મહાકાલેશ્વરમાં કરાતી 'ભસ્મ આરતી'ની જેમ જ અહીં આરતી કરાઈ હતી.

● સે-૧૭ની પ્રાથમિક શાળામાં સેકટરના વસાહત મંડળ અને વેપારી મંડળ દ્વારા સ્વાતંત્ર્ય પર્વ ઉજવવામાં આવ્યું હતું. જેમાં વેપારી મંડળના પ્રમુખ રજુજી ગોલના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા સહિત શિક્ષિકા બહેનો અને વિદ્યાર્થીઓ તથા વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● સે-૬-ડીમાં ભુવનેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણિયા સોમવાર નિમિત્તે સાંજે ૭.૩૦ વાગે અબીલ ગુલાલના અભિષેક મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

**- સમીર રામી**
**9924446645**

# ઈન્ફોસીટી ક્લબમાં સ્વતંત્રતા દિને 'ચિત્ર સ્પર્ધા' યોજાઈ










**સ્પર્ધામાં બાળકોને મનગમતા ચિત્રો દોરવાની આઝાદી આપવામાં આવી**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે ૬૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણી બાળકોની 'ડ્રોઈંગ કોમ્પીટીશન' યોજી કરવામાં આવી હતી. આ ચિત્ર સ્પર્ધામાં બાળકોને સ્પર્ધાના પ્રારંભ સુધી વિષય અંગે સસપેન્સ જાળવી અંતે મનગમતું ચિત્ર દોરવાની આઝાદી આપતા બાળકોએ ગેલમાં આવી જઈ મન મૂકીને એકથી એક ચડિયાતા ચિત્રો દોર્યા હતા.

ચિત્ર સ્પર્ધામાં ૭ થી ૧૬ વર્ષના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને પેન્સિલ કલર, ક્રેયોન્સ તથા પોસ્ટર કલર્સના ઉપયોગ વડે અદભૂત ચિત્રો બનાવી ઉપસ્થિત તમામને દંગ કરી દીધા હતા. બાળકોએ સ્પર્ધામાં તેમનાં ડ્રોઈંગ કૌશલ્ય, રંગપૂરણીની ચીવટ, વિષય પરની પકડ અને કલ્પનાશીલતા સાથે બૌધ્ધિક તર્કના દર્શન કરાવ્યા હતા. આ સ્પર્ધા ત્રણ ગ્રુપમાં યોજાઈ હતી અને ક્રિએટીવ ઈન્ફોસીટીના ક્રિએટીવ લીડર રોબિન મકવાણા દ્વારા ચિત્રોનું મુલ્યાંકન કરી વિજેતાઓ નિશ્ચિત કરવામાં આવ્યા હતા. વિજેતા બાળકોને ઈનામો તેમજ ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા. ચિત્ર સ્પર્ધા માટે ઈન્ફોસીટી ઉપરાંત ૧૯૪૭, સેમ્પસ પીઝા તેમજ કેયોન્સ દ્વારા સહકાર આપવામાં આવ્યો હતો. જયારે વ્યવસ્થામાં રાકેશ શિન્દે, ડૉ. રાજેશ ભોજક બિધાનસેન તથા બ્રિજેનભાઈ સહિત તમામ સ્ટાફે ખડે પગે ફરજ નિભાવી હતી. ઈન્ફોસીટી પરિવાર વતી સુવાસ બારોટ તથા અંજુ બારોટે તમામ બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## કલોલમાંથી ૨૫ વર્ષીય યુવતી બે સપ્તાહથી લાપતા

ગાંધીનગર, તા.૧૭

કલોલના પટેલવાસ ઉસ્માનાબાદ ગામમાં રહેતી ૨૫ વર્ષીય યુવતી આશા પ્રહલાદભાઈ પટેલ ૪ ઓગષ્ટે સવારે પોતાના ઘરેથી નીકળી હતી. તેણીનો આજ દિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. શરીરે મધ્યમ બાંધાની ૫ ફુટ ૨ ઈંચ ઉંચાઈ ધરાવતી આશાએ જમણા હાથે ઓમ ત્રોફાવ્યું છે. સાંતેજ પોલીસે ગુમ યુવતીની શોધખોળ શરુ કરી છે.

## મુકિતધામ છાપરા પાસેથી દેશી દારૂ સાથે એક પકડાયો

ગાંધીનગર, તા.૧૭

શહેરના મુકિતધામ પાસેના છાપરા વિસ્તારમાં રહેતા વિજય બાબુ રાવળને સેકટર-૨૧ પોલીસે દેશી દારૂ સાથે પકડી પાડયો હતો. ૬ લીટર દેશી દારૂ સાથે આજે બપોરે વિજય રાવળની ધરપકડ કરી લઈને જમાદાર પ્રવિણસિંહે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં સ્વતંત્રતા દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે ૬૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીની મેઘા પારેખ દ્વારા ધ્વજ ફરકાવી ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક વિભાગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. જેમાં નાના ભૂલકાંની વેશભૂષાએ ખુબ જ આકર્ષણ જમાવ્યું હતું.

મુખ્ય મહેમાન પદે સેંધાભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી રાષ્ટ્રની ભાવના મજબૂત બને તે માટેના સાત સોનેરી સૂત્રો તેમજ પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાર્ય મીનાબેન ચૌધરી અને અન્ય વિભાગના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# ગાંધીનગરમાં ફિઝીયોથેરેપી કોલેજનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના નર્સિંગ કોલેજ કેમ્પસમાં આજે કોલેજ ઓફ ફિઝીયોથેરેપીનું વિધિસર ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે ઉદઘાટન કરાયું હતું.

સુવિખ્યાત કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા વધુ એક સોપાન સર કરતા નગરને ફિઝીયોથેરેપી કોલેજની ભેટ આપી છે. સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરેપીના ઉદઘાટન સમારંભમાં ચેરમેન વલ્લભભાઈ પટેલ ઉપરાંત કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ પટેલ, સર્વ વિશ્વ વિદ્યાલયના વાઈસ ચાન્સેલર, ડી.ટી. કાપડીયા, રજિસ્ટ્રાર



એસ.કે. મંત્રાલા તથા સંસ્થાના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં. ફિઝીયોથેરેપી કોલેજમાં લેટેસ્ટ ટેકનોલોજીના અદ્યતન સાધનોની સગવડ સાથે વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ મળી રહે તે હેતુથી વિશેષ તકેદારી લેવામાં આવશે. સંસ્થાના પ્રમુખ કનુભાઈ પટેલે વિદ્યાર્થીઓને દર્દીઓની સારવાર કરતા ચહેરા પર હંમેશા સ્મિત હોવું જોઈએ તેવી શિખામણ આપતા હકારાત્મક ઢબે સારવાર કરવા સલાહ આપી હતી. તેમણે દર્દીને હંમેશા 'તમે જલ્દી સાજા થઈ જશો' તેવી હૈયાધારણ આપતા રહેવાથી દર્દીને માનસિક રીતે પોઝીટીવ ઈફેકટ મળે છે અને તે ઝડપથી સાજો થઈ શકે છે.

સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે વિદ્યાર્થીઓને કોઈ પણ પરિસ્થિતિમાં સંસ્થા તેમની પડખે રહેશે તેવો વિશ્વાસ અપાવતા સંસ્થાના આદર્શોથી માહિતગાર કર્યા હતા. તેમણે સંસ્થામાં કોઈ પણ ભેદભાવ વિના તમામ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહેશે તેવી ખાત્રી પણ આપી હતી. કાર્યક્રમમાં કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ રવિનાબેન ક્રિશ્ચિયન અને લાયબ્રેરિયન અંજના બારોટ પણ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આવતીકાલથી ફિઝીયોથેરેપી કોલેજમાં વિના મૂલ્યે ઓપીડી સેવા પણ પ્રારંભ કરવામાં આવશે.

**(તસવીર : સમીર રામી)**

## રાંધેજા હાઈસ્કૂલમાં મહિલા સશક્તિકરણ વિષે નિબંધ વકૃતત્ત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

શ્રી જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિર રાંધેજામાં મહિલા સશક્તિકરણની ઉજવણી અંતર્ગત વકૃતત્ત્વ - નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વકૃતત્ત્વ સ્પર્ધામાં ધો.૮ થી ૧૦ ના વિભાગમાં પ્રાચીબેન ખત્રીનો પ્રથમ નંબર, માનસી પટેલ દ્વિતીય નંબર, ચૌહાણ રિદ્ધિ, તૃતીય નંબરે ધો.૧૧-૧૨ માં પ્રથમ નંબરે ચંદ્રિકા રાવળ, દ્વિતીય નંબરે અપેક્ષા પટેલ.

નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ માનસી પંકજભાઈ, માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબરે સપના ગોપાલભાઈ રાવળ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કિંજલ વિષ્ણુભાઈ ઠાકરો પ્રથમ નંબરે આવેલ હતા.

આચાર્યએ અભિનંદન પાઠવેલ હતા. આર.જી. ગજ્જર, શ્રીમતી એસ.પી.પટેલે મહિલા સશક્તિકરણ વિષે સમજ આપેલ હતી. નિર્ણાયક તરીકે બી.બી.પટેલ, એન.એચ. સોલંકીએ સેવા આપી હતી. સાંસ્કૃતિક સમિતિએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## આજે અનામત મુદ્દે બ્રાહ્મણ સમાજની બેઠક

ગાંધીનગર, તા.૧૭

રાજયભરમાં વિવિધ સમાજો દ્વારા અનામતની માંગણી કરતા આંદોલનો યોજાઈ રહ્યાં છે. આ સમયે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા સૌરાષ્ટ્ર કચ્છ સમાજના સંયુકત ઉપક્રમે બ્રાહ્મણ સમાજ માટે અનામતના અન્યાય સામે સરકાર પાસે આર્થિક માપદંડ આધારિત અનામત, શૈક્ષણિક ક્ષેત્રે અનામત તથા બ્રાહ્મણ આર્થિક વિકાસ નિગમની સ્થાપના કરવા અંગે રાજયના તમામ બ્રાહ્મણ પેટા જ્ઞાતિઓના હોદ્દેદારોની બેઠક તા. ૧૮મી ઓગષ્ટ મંગળવારે બપોરે ૨ વાગે યોજવામાં આવી છે. આ બેઠક અમદાવાદના નવરંગપુરા ખાતે ઈન્કમટેક્ષ નજીક નવજીવન પ્રેસ રોડ પર સત્તર તાલુકા બ્રાહ્મણ સમાજ ભવન ખાતે યોજવામાં આવી છે. આ બેઠકમાં બ્રાહ્મણ અનામત આંદોલનને વેગીલું બનાવવા તથા આગામી કાર્યક્રમો ઘડી કાઢવા ચર્ચા વિચારણા કરાશે.

## ૧૧૬૭ કડંકટરની ભરતી માટે લેખિત પરીક્ષા લેવાઈ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં કડંકટરની કુલ ૧૧૬૭ જગ્યાઓની ભરતી માટે અમદાવાદના છ કેન્દ્ર પર રવિવારે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી જે શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં કુલ ૧૧૬૭ કડંકટરની જગ્યાઓની સીધી ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવી હતી જેની ઓનલાઈન અરજીપત્રકો ભરવા ની કામગીરી તા. ૧ થી ૩૧ મે ૨૦૧૫ દરમિયાન હાથ ધરવામાં આવી હતી.

નિગમના નિયમ મુજબ શૈક્ષણિક લાયકાતોમાં મેળવેલ મેરીટસ ગુણ મુજબ બોલાવવા પાત્ર કુલ ૫૨૨૭ ઉમેદવારો મટે કુલ ૩૦ ગુણની લેખિત પરીક્ષા તા. ૧૬ને રવિવારના રોજ અમદાવાદ ખાતેના વિવિધ છ પરીક્ષા સેન્ટરોમાં લેવામાં આવી હતી. જે લેખિત પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

## અવનવી ફરાળી વાનગીઓ શિવભકતો માટે બજારમાં ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૧૭

પવિત્ર શ્રાવણમાસનો પ્રારંભ થઈ ગયો છે. ભકતો શિવને રીઝવવા આરાધના કરી રહ્યા છે ત્યારે નગરના ભકતો માટે આ વર્ષે ફરસાણના વેપારીઓ પણ નીતનવી ફરાળી વાનગીઓ બજારમાં લાવ્યા છે. ચટુકડા શિવભકતોને આ વખતે અવનવી વાનગી આરોગવા મળશે.

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે, ભગવાન શિવની ભકિત કરવા શ્રધ્ધાળુઓ મંદિરે જઈ પૂજન અર્ચન કરે છે. શ્રાવણ માસમાં ઉપવાસ કરતાં ભકતોને દર વર્ષની જેમ આ વર્ષે એકની એક વાનગી નહીં ચાખવી પડે. બજારમાં આ વર્ષે ચટુકડા ભકતો માટે વેપારીઓએ આલુ લચ્છા, ફરાળી ભેળ, સુકી કાતરીનો ચેવડો, ટમટમ, ફુલવડી, સીંગ ભુજીયા, સાબુદાણાનો ચેવડો, રાજગરાની સેવ, મસાલા પુરી, થેપલા, બિસ્કીટ કોકોનેટ અને મકરુનના, વડા, ખાખરા, ભાખરી જયારે શીરો અને બટાકાની ભાજી ઓર્ડરથી બનાવી આપશે.

પાઈનેપલ, અંજીર, સ્લાઈસ અને મધુરમ સન ફલાવર ડ્રાયફ્રુટ સહિત ફુદીનાનો ચેવડો, શકકરપારા, પંજાબી ચવાણું, બજારમાં માત્ર રૂ. ૪૦ થી ૧૨૦ સુધીમાં ઉપલબ્ધ મળશે. ટુંકમાં દર વર્ષે બજારમાં મળતી રનીંગ આઈટમ કરતાં આ વર્ષે શિવ ભકતોને વધુ આઈટમના સ્વાદ ચાખવા મળશે અને ભકતો મંદિરે જઈ પૂજન અર્ચન કરી રોજ નીતનવી વાનગીનો ટેસ્ટ માણશે.

# જમીન ઉપરની બાળ રમતોનું સ્થાન કોમ્પ્યુટર રમતોએ છીનવ્યું

## બાળકોના બચપણને આધુનિક ટેકનોલોજીનું ગ્રહણ, ખુલ્લા આકાશ નીચે રમતા બાળકો ઘરમાં પૂરાયા

ગાંધીનગર, તા.૧૭

'ભણ્યો પણ ગણ્યો નહીં' આ જુની કહેવત ઘણું બધું સામર્થ્ય દર્શાવે છે. બચપણથી જ ભણવાની સાથે અન્ય કેળવણી બાળકોમાં ઉભી થાય તેવા પ્રયાસો હાથ ધરવાની જગ્યાએ બાળકોને કોમ્પ્યુટર પૂરતા સિમિત કરી દેતાં તેમનું બચપણ સુષુપ્ત અવસ્થામાં જ રહી જાય છે. નિર્દોષ ઉંમરે જમીન ઉપરની રમાતી રમતો ધીમે ધીમે અદ્રશ્ય થઈને કોમ્પ્યુટર ઉપર રમતો રમાઈ રહી છે. જે કારણે બાળકમાં જે મુળભૂત વિકાસ થવો જોઈએ તે થતો નથી અને ફકત ભણવા પૂરતો જ વિકાસ જણાય છે જેથી આજનું બાળક શારિરીક અશકત રહી જાય છે. માટે બાળકોને ખુલ્લા આકાશ નીચે રમવા દેવા સમય આપવો એ અનિવાર્ય બન્યો છે. અન્યથા આવનારી પેઢી ખોખલી ગણાશે.

અભ્યાસ માટેની તીવ્ર હરિફાઈમાં બાળકની કિશોરાવસ્થા ભણતરના ભાર નીચે કચડાઈ રહી છે. સવારથી સાંજ સુધી સતત અભ્યાસમાં વ્યસ્ત બાળક પોતાનું બચપણ ખોઈ રહ્યો છે. અભ્યાસ દરમિયાન થોડોક સમય મળતા કોમ્પ્યુટર રમતો રમીને ઘરમાં જ પુરાઈ રહે છે જેથી તેનો શારિરીક



અને માનસિક વિકાસ રુંધાય છે. જમીન ઉપરની રમતો જેવી કે ગિલ્લી દંડા, ભમરડા, લખોટી, થપ્પો, આસપાસ, પકડદાવ હવે ફકત ગરીબ બાળકોની રમતો જ રહી ગઈ છે કે જે આર્થિક સક્ષમ ન હોવાથી કોમ્પ્યુર રમતો રમી શકતા નથી. છતાં પણ આ ગરીબ બાળકો શારિરીક મજબુત તથા વિકાસની દષ્ટિએ પૂર્ણ પરિપકવ હોય છે.

શાળાઓમાં રમતો રમાડાય છે જેમાં વળી રાજય સરકારે ખેલ મહાકુંભનું આયોજન કરી બાળકો કુદરતી રમતો રમે તેવો શુભ આશય સ્પષ્ટ કર્યો છે. આમ સરકાર પણ ખુલ્લા આકાશ નીચે રમાતી રમતોને પ્રોત્સાહીત કરે છે. ભુલકાંઓના બચપણને મન મુકીને માણવા દેવા વાલીઓએ અગ્રીમતા આપવી જોઈએ. બાળકને ભણવા સાથે રમવા દઈ તેના વિકાસને વેગ આપી બાળ રમતો પ્રત્યે પ્રોત્સાહીત કરવા હવે જરુરી બન્યા છે. આધુનિક ટેકનોલોજી અગત્યની છે પરંતુ બાળકોના બચપણના ભોગે તે સ્વીકારવી એ અતિશયોકિત ગણાશે. ખુલ્લા આકાશ નીચે દોડા દોડી કરી પ્રફુલ્લિત મન સાથે ગિલ્લી દંડો કે લખોટી રમતો બાળક આંટી ઘુંટીથી માંડીને રમતમાં કેમ જીત મેળવી શકાય તે માટે માનસિક સજજતા કેળવશે.

**(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)**

## રાજયના 3 હોમગાર્ડ્ઝ અધિકારીઓને રાષ્ટ્રપતિ ચંદ્રક

ગાંધીનગર, તા.૧૭

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે ગુજરાત હોમગાર્ડ્ઝ દળમાં ફરજ બજાવતા અધિકારીઓ-કર્મચારીઓ પૈકી ત્રણને વિશિષ્ટ સેવા બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક રાષ્ટ્રપતિએ જાહેર કર્યો છે.

ગુજરાત રાજય હોમગાર્ડ્ઝ સેવાદળમાં ફરજ બજાવતા રમેશચંદ્ર રણછોડભાઈ પરમાર (સિનીયર પ્લાટુન કમાન્ડર, જે.એસ.ઓ. હોમગાર્ડ્ઝ ગુજરાત), નરસિંહ જેઠાભાઈ પટેલીયા (પ્લાટુન, સાર્જન્ટ ગામગાર્ડ્ઝ ગુજરાત), ભરતભાઈ અમુલખભાઈ ઓઝા (નાયબ સુબેદાર પ્લાટુન-કમાન્ડર) હોમગાર્ડ્ઝ ગુજરાતે ત્રણ હોમગાર્ડ્ઝ કર્મચારીઓને પ્રશંસનીય કામગીરી બદલ રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવનાર ત્રણ કર્મચારીઓને હોમગાર્ડ્ઝ સેવાદળના કર્મચારીઓએ અભિનંદન પાઠવ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. કંચનબેન નારણભાઈ હિંગળાદીયા (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૨૪૦/૨, સેકટર-૫એ, ગાંધીનગર
- સ્વ. રેવાબેન બુધાભાઈ પરમાર (ઉ.વ.૮૦) ગામ - ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર